# શાળાના રેકોર્ડમાં નામ, અટક સુધારવા ખાસ કેમ્પ

**જન્મ** તારીખ કે પેટા જ્ઞાતિમાં ભૂલ હોય, તો તેને સુધારવા કેમ્પનું આયોજન

**વિદ્યાર્થીએ** જરૂરી આધાર પુરાવાઓ સાથે પોતાની શાળામાં જ અરજી કરવાની રહેશે

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની પરીક્ષાઓના પરિણામ જાહેર થાય તે પૂર્વે વિદ્યાર્થીઓને શાળાના રેકોર્ડમાં નામ, અટક, જન્મ તારીખ કે પેટા જ્ઞાતિમાં ભૂલ હોય, તો તેને સુધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ખાસ તક આપવામાં આવી છે. આ અંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જિલ્લાની તમામ શાળાઓના આચાર્યોને સૂચના સાથેનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીના પરિપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયા બાદ સુધારાની પ્રક્રિયા જટિલ બની જતી હોય છે. આથી, વિદ્યાર્થીઓના હિતમાં પરિણામ પહેલા જ આ ભૂલો સુધારી લેવા માટે કેમ્પનું આયોજન કરવા અને દરખાસ્તો રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

વિદ્યાર્થી પોતાના નામ, અટક, જન્મ તારીખ અથવા પેટા જ્ઞાતિમાં રહેલી ભૂલો સુધારી શકશે. તે માટે વિદ્યાર્થીએ જરૂરી આધાર પુરાવાઓ સાથે પોતાની શાળામાં જ અરજી કરવાની રહેશે. શાળાના આચાર્યે જન્મનો દાખલો તથા અન્ય અસલ પુરાવાઓની ચકાસણી કરી તેને પ્રમાણિત કરવાના રહેશે. ત્યાર બાદ વાલીઓને બિનજરૂરી કચેરીના ધક્કા ન ખાવા પડે તે માટે આચાર્યએ શાળાના જાણકાર ક્લાર્કને જ દરખાસ્ત સાથે કચેરીએ મોકલવાના રહેશે.

દરખાસ્તમાં કઈ બાબત સુધારવાની છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જરૂરી છે. પરિશિષ્ટ-4 (બ) મુજબના ચેકલિસ્ટ સાથે તમામ આધાર પુરાવા સામેલ રાખવા. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ 12 (ક) અને સરકારની પ્રવર્તમાન નીતિઓ મુજબ જ દરખાસ્ત સ્વીકારવામાં આવશે. અધૂરી વિગતો વાળી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં, જેથી વહીવટી પ્રશ્નો ઊભા ન થાય.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓને તેમના ભાવિ દસ્તાવેજોમાં થતી ભૂલોથી મુક્તિ મળશે અને કારકિર્દીમાં આવતી અડચણો દૂર થશે.

## ગોડાદરામાં પત્ની સાથે ઝઘડો થતાં પતિનો આપઘાત

સુરતઃ ગોડાદરામાં દંપતી વચ્ચે થયેલા ઝગડામાં પતિએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની ગિરધારી ઉત્તમ જોવરે (54 વર્ષ) હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલ મહારાણા પ્રતાપ સોસાયટીમાં રહેતા હતાં.

તેમનો પત્ની નંદાબેન સાથે ઘરમાં અવારનવાર કોઈકને કોઈક બાબતને લઈને ઝઘડાઓ થતા રહેતા હતા. જે ઝઘડાઓથી કંટાળીને કાલે સાંજે ગિરધારીએ ઘરમાં પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# 'આપ'ની તુષ્ટિકરણની નીતિ ચલાવવામાં નહીં આવે: ડે. સીએમ હર્ષ સંઘવી

**ડે.સીએમ** હર્ષ સંઘવીના આપ પર આકરા પ્રહારો, ભાજપ કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવવા દેશે નહીં

**આપના** નેતાઓએ દાવો કર્યો કે તેમની સરકાર બનશે તો મુસ્લિમોને રસ્તા પર નમાજ અદા કરવાની છૂટ અપાશે

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલે મતદાન થવાનું છે. મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટી (AAP) દ્વારા મુસ્લિમ સમુદાયને રીઝવવા માટે આપવામાં આવેલા કથિત વચનો સામે રાજ્યના ડે સીએમ હર્ષ સંઘવીએ લાલઘૂમ થઈને આકરા પ્રહારો કર્યા છે.

સંઘવીએ આપની આ રણનીતિને 'હલકી માનસિકતા' અને 'તુષ્ટિકરણની પરાકાષ્ઠા' ગણાવી છે. ચૂંટણીના માહોલ વચ્ચે આપના કેટલાક નેતાઓએ જાહેરમાં એવો દાવો કર્યો હતો કે તેમની સરકાર બનશે તો મુસ્લિમ સમુદાયને જ્યાં દરગાહ બનાવવી હોય ત્યાં છૂટ આપવામાં આવશે તેમજ રસ્તા પર નમાઝ અદા કરવાની પણ મંજૂરી અપાશે.

આ નિવેદનો સામે પ્રતિક્રિયા આપતાં સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સવાલ ઉઠાવ્યો કે શું આ જ મુદ્દાઓ પર ગુજરાતની જનતા પાસેથી 'એક મોકો' માંગવામાં આવી રહ્યો છે? શું કોઈ પક્ષ કાયદાથી ઉપર કોઈ એક વર્ગને સ્થાન આપવા માગે છે?

સંઘવીએ આપના નેતાઓનો વીડિયો શેર કરતાં લખ્યું હતું કે આ પ્રકારની રાજનીતિ સમાજમાં વિભાજન ઊભું કરે છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, "ગુજરાતમાં જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીનો એકપણ કાર્યકર્તા જીવતો છે, ત્યાં સુધી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં." હર્ષ સંઘવીએ આ વીડિયો પોસ્ટ કરતા સવાલ કર્યો હતો કે, 'શું આ જ મુદ્દાઓ માટે ગુજરાતની પ્રજા પાસે એક મોકો માંગવામાં આવે છે? શું આમ આદમી પાર્ટી કાયદાથી ઉપર કોઈ ખાસ વર્ગને રાખવા માંગે છે?" તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વોટ બેંકની રાજનીતિ કરવા માટે કોઈ પણ પક્ષને નિયમો વિરુદ્ધ જવાની પરવાનગી અપાશે નહીં.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના એક દિવસ પહેલા જ**

# AAP ગુજરાતના ફેસબુક અને ઈન્સ્ટા એકાઉન્ટ બ્લોક

**કન્ટેન્ટ** ચોરી, ગુજરાતી ફિલ્મો અને કલાકારોના અનધિકૃત ઉપયોગનો આરોપ

ગાંધીનગર : ગુજરાતમાં ચૂંટણીના માહોલ વચ્ચે આમ આદમી પાર્ટી (AAP) માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વારંવાર કન્ટેન્ટ ચોરી અને કોપીરાઈટ કાયદાના ઉલ્લંઘનને પગલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા આપના (AAP) ગુજરાતના સત્તાવાર એકાઉન્ટ્સ ભારતમાં બ્લોક કરી દેવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાનના આગલા દિવસે રાજકીય આલમમાં ખળભળાટ મચી ગયો છે અને આપ(AAP)ના ડિજિટલ પ્રચાર મોડેલ પર અનેક સવાલો ઊભા થયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, આમ આદમી પાર્ટી દ્વારા સોશિયલ મીડિયા પર પ્રચાર માટે ગુજરાતી ફિલ્મ જગતની લોકપ્રિય ફિલ્મો અને કલાકારોના કન્ટેન્ટનો પરવાનગી વિના ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં લોકપ્રિય ફિલ્મો 'સાહેબ' અને 'છેલ્લો દિવસ' જેવી સુપરહિટ ફિલ્મોના દ્રશ્યોનો રાજકીય હેતુ માટે ઉપયોગ. જાણીતા કલાકારો મલ્હાર ઠક્કર, યશ સોની અને પ્રાપ્તિ અજવાડિયા જેવા કલાકારોના વીડિયો કે ફોટાનો અનધિકૃત રીતે ઉપયોગ કરીને ભ્રામક પ્રચાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## વારંવારના ઉલ્લંઘન બાદ કડક એક્શન

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા લેવામાં આવેલી આ કાર્યવાહી સ્પષ્ટ કરે છે કે કન્ટેન્ટ ચોરી આપ (AAP) માટે એક 'પેટર્ન' બની ગઈ હતી. વારંવાર 'રીપીટેડ વાયોલેશન' (Repeated Violations) અને કોપીરાઈટ ભંગના કિસ્સાઓ સામે આવ્યા બાદ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામે કાનૂની નિયમો મુજબ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકાયો છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ડિજિટલ પ્લેટફોર્મ પર કાયદો અને નૈતિકતા કોઈપણ રાજકીય પક્ષ કરતા ઉપર છે.

# વડા પ્રધાન જાલમુડીની મજા માણી રહ્યા હતા ત્યારે મણિપુરમાં હિંસા ચાલુ હતી

**ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**



ભારતના વડા પ્રધાન પશ્ચિમ બંગાળમાં જાલમુડી અને નૌકાવિહારની મજા માણી રહ્યા છે ત્યારે મણિપુર ફરી એક વાર સળગી રહ્યું છે. તેનું કારણ ૭ એપ્રિલના રોજ વિષ્ણુપુરમાં થયેલો બોમ્બ વિસ્ફોટ છે, જેમાં બે બાળકોનાં મોત થયાં હતાં. આ ઘટના બાદ લોકોનો ગુસ્સો સતત વધી રહ્યો છે. હજારો લોકો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઊતરી આવ્યાં છે. હાથમાં મશાલો, સૂત્રોચ્ચાર અને રેલીઓ બધે જ ચાલી રહ્યાં છે. ગુરુવારે સાંજથી શરૂ થયેલી રેલીઓ અને વિરોધ પ્રદર્શનોની ગરમી મુખ્ય મંત્રીના નિવાસસ્થાન અને પોલીસ મુખ્યાલય સુધી પહોંચી હતી. તેના જવાબમાં વહીવટીતંત્ર દ્વારા ઈમ્ફાલમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો, પરંતુ વિરોધીઓ અટક્યાં નહોતાં. શુક્રવારે રાત્રે ઈમ્ફાલ પૂર્વના ખુરાઈ લામલોંગ બજારમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં હતાં. કર્ફ્યુથી ડર્યા વિના લોકોએ રેલીઓ યોજવાનું ચાલુ રાખ્યું હતું, જેમાં મોટા ભાગે મહિલાઓએ ભાગ લીધો હતો. આના કારણે સુરક્ષા દળો સાથે અથડામણ પણ થઈ હતી.

વિરોધીઓ ન્યાયની માંગણી કરતાં સૂત્રોચ્ચાર કરી રહ્યાં હતાં. ત્યાર બાદ પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના સેલ અને રબર બોમ્બ છોડ્યા હતા. અથડામણમાં ઘણાં લોકો ઘાયલ થયાં હતાં અને તેમને સારવાર માટે JNIMS માં દાખલ કરવામાં આવ્યાં હતાં. મણિપુરનાં નાગરિક સમાજ સંગઠનો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાંઓએ ચેતવણી આપી હતી કે જો મૃત બાળકોને ન્યાય નહીં મળે તો વિરોધ વધશે. કેસની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને સોંપવામાં આવી છે, પરંતુ લોકોનો ગુસ્સો હજુ પણ શાંત થયો નથી. નોંધનીય છે કે ઈમ્ફાલ જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ઈમ્ફાલ પૂર્વ, ઈમ્ફાલ પશ્ચિમ, થૌબલ અને કાકચિંગ જિલ્લામાં સવારે ૫ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ આપવામાં આવી છે. રસ્તાઓ પર ભેગાં થવાની સખત મનાઈ છે, પરંતુ તેમ છતાં લોકો તેનું પાલન કરવાનો ઈનકાર કરી રહ્યાં છે. જ્યાં ઘટના બની છે ત્યાં બિષ્ણુપુર જિલ્લામાં વિરોધ પ્રદર્શન ચાલુ છે.

મણિપુરમાં એક વર્ષ માટે રાષ્ટ્રપતિ શાસન લાગુ રહ્યું હતું અને ૪ ફેબ્રુઆરીએ નવી સરકારની રચના કરવામાં આવી હતી. મે ૨૦૨૩ માં મણિપુરમાં મેતેઈ અને કુકી સમુદાયો વચ્ચે વંશીય હિંસા શરૂ થઈ હતી. તે ૨૦૨૫ ની શરૂઆત સુધી ચાલુ રહી. હિંસા દરમિયાન, ઘણા વિસ્તારોમાં આગચંપી, લૂંટફાટ અને હત્યાના બનાવો બન્યા. હજારો લોકો વિસ્થાપિત થયાં હતાં અને રાહત શિબિરોમાં રહેવા મજબૂર થયાં હતાં. મણિપુરના તત્કાલીન મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રાજીનામું આપ્યું હતું. બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી હિંસાને રોકવામાં નિષ્ફળ રહેવા બદલ તેમના પર રાજકીય દબાણ વધી રહ્યું હતું. બિરેન સિંહના રાજીનામા બાદ, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. લગભગ એક વર્ષ પછી, ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ મણિપુરમાં નવી સરકારની રચના થઈ હતી, જેમાં ભાજપના યુમનામ ખેમચંદ સિંહે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

મંગળવારે વહેલી સવારે મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાં થયેલા ભયાનક બોમ્બ હુમલાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ અને ગુસ્સો છવાઈ ગયો હતો. બે માસૂમ બાળકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે તેમની માતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘટનાથી વિસ્તારમાં વ્યાપક તણાવ ફેલાયો હતો અને ગુસ્સે ભરાયેલાં રહેવાસીઓ રસ્તા પર ઊતરી આવ્યાં હતાં અને તેમના દ્વારા હિંસક વિરોધ પ્રદર્શનો શરૂ કર્યાં હતાં. તોફાનોના જવાબમાં રાજ્ય સરકારે ઈમ્ફાલ ખીણના પાંચ જિલ્લાઓમાં ત્રણ દિવસ માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દીધી હતી. આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ મોઈરાંગના ટ્રોંગલાઓબી અવાંગ લેઈકાઈ વિસ્તારમાં બની હતી. શંકાસ્પદ આતંકવાદીઓએ એક ઘર પર બોમ્બ ફેંક્યો હતો, જે અંદર ફૂટ્યો હતો. પાંચ વર્ષનો છોકરો, છ મહિનાની છોકરી અને તેમની માતા એક રૂમમાં સૂતાં હતાં. બોમ્બ વિસ્ફોટમાં બાળકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે માતા ઘાયલ થઈ હતી.

આ હુમલાથી સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. સવાર પડતાં જ લોકો રસ્તા પર ઊતરી આવ્યાં હતાં. પ્રદર્શનકારીઓએ ઈમ્ફાલ-તિદ્દિમ રોડને બ્લોક કરી દીધો હતો. રસ્તાઓ પર ટાયરો સળગાવવામાં આવ્યાં, જેના કારણે મુખ્ય માર્ગો પર ધુમાડો ફેલાઈ ગયો હતો. ગુસ્સે ભરાયેલાં પ્રદર્શનકારીઓએ ઓછામાં ઓછા ત્રણ ટ્રક અને બે ઓઈલ ટેન્કરોને આગ ચાંપી દીધી હતી. મોઈરાંગ પોલીસ સ્ટેશનની સામે પણ ટાયરો સળગાવવામાં આવ્યાં હતાં અને એક કામચલાઉ પોલીસ ચોકીમાં તોડફોડ કરવામાં આવી હતી. ટ્રોંગલાઓબીથી લગભગ ૨૦૦ મીટર દૂર સ્થિત સેન્ટ્રલ સિક્યુરિટી ફોર્સિસ કેમ્પ પર હિંસક ટોળાએ હુમલો કર્યો ત્યારે તણાવ વધ્યો હતો. ટોળાંએ કેમ્પમાં ઘૂસીને પાર્ક કરેલાં વાહનોમાં આગ લગાવી દીધી હતી. પરિસ્થિતિ વધુ વણસી જતાં ગોળીબાર શરૂ થયો, જેમાં પાંચ લોકો ઘાયલ થયાં હતાં. આમાંથી બે વ્યક્તિઓનાં મોત થયાં હતાં.

ટ્રોંગલાઓબી અવંગ લીકાઈ ગામ પર્વતીય ચુરાચંદપુર જિલ્લાની નજીક આવેલું છે, જ્યાં કુકી-ઝો સમુદાય રહે છે. આ વિસ્તાર અગાઉ પણ હિંસાથી પ્રભાવિત રહ્યો છે અને તેને સંવેદનશીલ માનવામાં આવે છે. બે બાળકોનાં મોત બાદ ઈમ્ફાલ ખીણના જિલ્લાઓમાં પરિસ્થિતિ વધુ ને વધુ તંગ બની ગઈ છે. સુરક્ષાનાં કારણોસર દુકાનો, બજારો અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી હતી. બિષ્ણુપુર જિલ્લામાં અને ઈમ્ફાલથી મોઈરાંગ જતા રસ્તા પર ખાસ કરીને મહિલાઓએ સુરક્ષા દળોની અવરજવરને અવરોધિત કરી હતી. ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થૌબલ, કાકચિંગ અને બિષ્ણુપુર જિલ્લામાં બ્રોડબેન્ડ, મોબાઈલ ડેટા, વી-સેટ અને વીપીએન સહિતની તમામ ઈન્ટરનેટ સેવાઓ ત્રણ દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે.

આ દરમિયાન મીરા પૈબી જૂથની મહિલાઓ રસ્તા પર ઊતરી આવી છે. આ મહિલાઓ દિવસ દરમિયાન રસ્તાઓ પર ધરણાં કરી રહી છે. આ ધરણાંને કારણે પોલીસ કે બીજું કોઈ ત્યાંથી પસાર થઈ શકતું નથી. આ ચળવળ ૧૯૮૦ના દાયકામાં ડ્રગ્સના દુરુપયોગની સમસ્યાનો સામનો કરવા માટે રચાઈ હતી. તેનો ઉદ્દેશ સમુદાયની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો, જેથી લોકો મણિપુરની સમસ્યાઓના ઉકેલ માટે સાથે મળીને કામ કરે. તેણે માનવાધિકાર ઉલ્લંઘન અને AFSPA હેઠળના પગલાં સામે પણ મજબૂત વલણ અપનાવ્યું હતું. ઈરોમ શર્મિલા આ ચળવળની સૌથી નોંધપાત્ર વ્યક્તિ રહી છે, જેમના અભિયાને મણિપુર તરફ વૈશ્વિક ધ્યાન ખેંચ્યું હતું.

દરમિયાન, શુક્રવારે સવારે મણિપુરના ઉખરુલ જિલ્લામાં બે અલગ અલગ ગોળીબારની ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. સુરક્ષા દળોએ સવારે ૧૧.૨૫ વાગ્યે મુલ્લામ ગામ નજીક બે મૃતદેહ શોધી કાઢ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બંનેએ આર્મી પ્રિન્ટવાળાં કપડાં પહેર્યાં હતાં. તેમના શરીર પર ગોળીઓના ઘા મળી આવ્યા હતા. બીજી ઘટના સિનાકીથેઈ ગામમાં બની હતી, જ્યાં ૨૯ વર્ષીય વ્યક્તિ, એચ. જામંગ, પર હુમલાખોરોએ હુમલો કરીને તેની હત્યા કરી હતી. અધિકારીઓએ તેનો મૃતદેહ કબજે કર્યો છે. કુકી સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે નાગા આતંકવાદીઓએ સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ તેમનાં ગામો પર હુમલો કર્યો હતો. ગામના સ્વયંસેવકો માર્યા ગયા હતા અને મહિલાઓ અને બાળકો સહિત ઘણાં લોકો ઘાયલ થયાં હતાં. હુમલાખોરોએ ગોળીબાર કર્યો અને અનેક ઘરોને આગ ચાંપી દીધી. જો કે, નાગા સંગઠનોએ આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. બંને સમુદાયો વચ્ચે તણાવ હજુ પણ ચાલુ છે.

**મણિપુરમાં એક વર્ષ માટે રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું અને ૪ ફેબ્રુઆરીએ નવી સરકારની રચના કરવામાં આવી હતી, જેમાં ભાજપના યુમનામ ખેમચંદ સિંહે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા**

# BUSINESS મિત્ર

# ઇન્ફોસિસના નબળા ગાઇડન્સ અને ક્રૂડના ઉછાળે રોકાણકારોના જીવ અધ્ધર

**ક્રૂડ $106ને** પાર અને રૂપિયો 94ના સ્તરે પટકાતા બજારમાં અનિશ્ચિતતા; નિષ્ણાતોની સાવચેત રહેવા સલાહ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25

ભારતીય શેરબજારમાં ઈન્ફોસીસના નબળા ગાઈડન્સના કારણે આઈટી શેરોમાં ધબકડાની સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો બોલાયો હતો. એક બાજું વિદેશી અને સ્થાનિક પરિબળો બજારના સેન્ટિમેન્ટ ખરાબ કરી રહ્યું છે. જેમાં મહત્વનું પરિબળ જોઈએ તો ક્રુડ ઓઈલના ભાવ છે. જે ફરીથી 100 ડોલરને પાર નીકળી ચુકયા છે, જ્યાં સુધી ક્રુડના ભાવ નીચે નહીં ઉતરે ત્યાં સુધી બજારમાં અનિશ્ચિતતાનો માહોલ ચાલુ રહેશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો મંડાગાંઠ ચાલી રહ્યો છે, પણ હજુય સુધી સફળતા મળી નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકા અને ઈરાન બંનેની નાકાબંધીના કારણે પરિસ્થિતિ બગડી છે અને ક્રુડના ભાવ ફરીથી ઉછળીને 106 ડોલરની ઉપર પહોંચી ગયા હતા, જેની સીધી અસર કરન્સીમાં પડી હતી અને રૂપિયો તૂટયો હતો, જે 94ને પાર નીકળી ગયા હતા. આ સિવાય વિદેશી બ્રોકરેજ કંપનીઓએ ભારતીય ઈક્વિટી આઉટલુકને ડાઉનગ્રેડ કર્યુ છે.

નિષ્ણાતો કહે છે કે હાલ બજારમાં મજબૂતી જોવા મળી રહી નથી. ઈન્ડિયા વીઆઈએક્સ 19.71 પર છે. તેમાં 6 ટકાનો વધારો થયો છે. આ સંકેત છે કે બજારમાં ભયનો માહોલ છે. નિષ્ણાતો કહે છે કે આવી સ્થિતિમાં રોકાણકારોએ સાવચેત રહેવાની જરૂર છે. અત્યારે કોઈ મોટું રોકાણ કરવું યોગ્ય રહેશે નહીં. જો કે, લાંબા ગાળાના રોકાણકારો ઘટાડા પર મજબૂત ફંડામેન્ટલ્સ ધરાવતી કંપનીઓમાં રોકાણ કરી શકે છે. પરંતુ ટૂંકા ગાળા માટે ખરીદી કરવામાં મોટું જોખમ છે.

સાપ્તાહિક સુચકાંકોને જોઈએ તો સેન્સેક્સ અને નિફ્ટી 2.5 ટકા ઘટયા હતા. આ ક્રુડના ભાવમાં વધારો અને યુએસ-ઈરાન વાતચીતના બીજા રાઉન્ડની શરૂઆતમાં વિલંબને કારણે થયું હતું.

ભારતીય શેરબજારને બેવડો ફટકો પડ્યો હતો. ઈન્ફોસીસના નબળા માર્ગદર્શનથી આઈટી સેકટરની ચિંતા વધી છે. જેના કારણે માત્ર નિફ્ટી આઈટી ઈન્ડેક્સ પર જન હીં પરંતુ સમગ્ર બજાર પર દબાણ વધ્યું છે. નિફ્ટી તેના સપોર્ટ લેવલ 23900 પોઈન્ટથી નીચે આવી ગયો છે. જેથી આવનારા દિવસોમાં બજારમાં તેજી અને મંદી ક્રુડ ઓઈલના ભાવ નક્કી કરશે. જોકે, આઈટી સેકટરનું દબાણ હજુય ચાલુ રહેવાની પુરેપુરી સંભાવના જોવાઈ રહી છે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૫૫૦ |
| તેજાબી સોનું | ૧૫૬૪૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૭૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૩૪૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૫૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૧૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૩૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફલાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**ભારતીય શેરબજારને વધુ એક આંચકો**

# HSBC બાદ જેપી મોર્ગને પણ ઈક્વિટી રેટિંગ ડાઉનગ્રેડ કર્યું

**મોંઘા** વેલ્યુએશન અને ક્રૂડના જોખમે નિફ્ટીનો ટાર્ગેટ 10% ઘટાડ્યો

નવી દિલ્હી, તા. 25. એચએસબીસી બાદ હવે જેપી મોર્ગને પણ ભારતીય ઈક્વિટીનું રેટિંગ ડાઉનગ્રેડ કર્યું છે. તેને ઓવરવેઈટથી ઘટાડીને ન્યુટ્રલ કરવામાં આવ્યું છે. આને અન્ય ઉભરતા બજારોની તુલનામાં ભારતીય ઈક્વિટીનું ઊંચું મૂલ્યાંકન અને યુએસ-ઈરાન યુદ્ધને લગતા એનર્જી સપ્લાય કટોકટીને કારણે કમાણી પરના દબાણ તરીકે ટાંકવામાં આવ્યું છે.

રોઈટર્સના જણાવ્યા અનુસાર, બ્રોકરેજ ફર્મે એક નોંધમાં જણાવ્યું હતું કે ક્રુડ ઓઈલના વધતા ભાવથી ભારતમાં ફુગાવો અને આર્થિક વૃદ્ધિના જોખમો વધી શકે છે, વપરાશમાં ઘટાડો થઈ શકે છે અને નજીકના ભવિષ્યમાં કંપનીઓના માર્જિન પર દબાણ આવી શકે છે. તે જ સમયે, નબળો રૂપિયો આ દબાણને વધુ વધારી રહ્યો છે.

આ ઉપરાંત, જેપી મોર્ગને બેન્ચમાર્ક નિફ્ટી માટે વર્ષના અંતના લક્ષ્યાંકને 10 ટકા ઘટાડીને 27000 કર્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં, નિફ્ટી 8.5 ટકા અને સેન્સેક્સમાં 10 ટકાનો ઘટાડો થયો છે. એપ્રિલની શરૂઆતમાં, જે.પી.મોર્ગને એનર્જી, કન્ઝ્યુમર, ઓટો અને ફાઈનાન્સિયલ સર્વિસીસ જેવા સ્થાનિક ક્ષેત્રોમાં નાણાકીય વર્ષ 2027 માટે કમાણીના અંદાજમાં 2 ટકાથી 10 ટકા ઘટાડો કર્યો હતો. એમસીઆઈ ઈન્ડિયાએ પણ 2026 માટે તેની કમાણી વૃદ્ધિની આગાહીમાં 2 ટકા ઘટાડીને 11 ટકા અને 2027 માટે 1 ટકાથી 13 ટકા કરી હતી. જેપી મોર્ગને જણાવ્યું હતું કે, તાજેતરના ઘટાડા છતાં, ભારત હજી પણ તેના સમકક્ષો કોરિયા, બ્રાઝિલ, ચીન, મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા કરતા ઘણા વધુ પ્રીમિયમ પર ટ્રેડ કરી રહ્યું છે. આ દેશોમાં ઓછી કિંમતે રોકાણ કરવાની તક છે, જ્યારે ભાવિ કમાણી ભારત કરતા વધુ સારી અથવા સારી રહેવાની અપેક્ષા છે. બ્રોકરેજે વધુમાં જણાવ્યું હતું કે એઆઇ, ડેટા સેન્ટર્સ, રોબોટિક્સ અને સેમિકન્ડક્ટર્સ જેવા ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા ક્ષેત્રોમાં ભારતની હાજરી હાલમાં સારી નથી. આ કારણે, આ ક્ષેત્રોમાં મજબૂત પકડ ધરાવતા પીઅર ઈમર્જિંગ બજારોની તુલનામાં ભારતની કમાણી વૃદ્ધિ મર્યાદિત હોઈ શકે છે. જેપી મોર્ગને એમ પણ કહ્યું હતું કે સ્થાનિક રોકાણકારો તરફથી આવતા સારા રોકાણથી વિદેશી રોકાણકારોના વેચાણની અસરમાં કંઈક અંશે ઘટાડો થયો છે. પરંતુ મોટા શેરહોલ્ડરો દ્વારા તેમના હિસ્સાનું વેચાણ અને આઈપીઓ અને ક્યુઆઈપી દ્વારા રેકોર્ડ સંખ્યામાં નવા શેર જારી કરવાથી ઈક્વિટી માર્કેટમાં લાભને મર્યાદિત કરી રહ્યો છે. બ્રોકરેજે જણાવ્યું હતું કે દેશના આર્થિક વિકાસની લાંબા ગાળાની વાર્તા હજી પણ અકબંધ છે, પરંતુ નજીકના ભવિષ્ય માટે તેનો દૃષ્ટિકોણ નબળો પડ્યો છે. ફાઈનાન્શિયલ, મટિરિયલ્સ, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી, હોસ્પિટલો, સંરક્ષણ અને પાવર જેવા ક્ષેત્રો પર આઉટલુક ઓવરવેઈટ છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

# કરદાતાને અપીલની પ્રિ-ડિપોઝીટની રકમનું રિફન્ડ વ્યાજ સાથે પરત કરવાનો આદેશ આપ્યો

## નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
**ઈશ્વર રૂદલાલ**

GST કાયદાની કલમ 107(6) હેઠળ કરદાતાએ આપેલ અપીલ માટેની પ્રિ-ડિપોઝીટની કાયદાકીય જોગવાઇ, કલમ 54 હેઠળ નિયંત્રીત નથી. કરદાતા જો અપીલ જીતી જાય તો અપીલ માટે ભરેલી પ્રિ-ડિપોઝીટની રકમનું રિફન્ડ GST કાયદાની કલમ 107 (6) કલમ 115 સાથે વાંચતા આપવાનું થાય અને નહીં કે કલમ 154 હેઠળ, અમે જણાવી ના. સુપ્રિમકોર્ટે કરદાતાને પ્રિ-ડિપોઝીટની રકમનું રિફન્ડ વ્યાજ સાથે પરત કરવાનો ખાતાને આદેશ આપતો ચૂકાદો ના.સુપ્રિમકોર્ટે ઝારખંડ રાજ્ય વિ. બીએલએ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. સ્પે. પીટીશન (સીવીલ) ડાયરી નં. 56452/2025નાતા. 9-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હક્કીત...**

બીએલએ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. સામે GST વિભાગ દ્વારા કર અને દંડનું માંગણું ઊભં કરવામાં આવ્યં હતું જે આદેશ સામે કલમ 107 હેઠળ કંપનીએ અપીલ દાખલ કરી અપીલ દાખલ કરવા માટે પ્રિ-ડિપોઝીટ ભરવામાં આવી. અપીલ જીતી ગયા બાદ, કરદાતાએ પ્રિ-ડિપોઝીટની રકમ પરત માંગતી અરજી કરી તો ખાતા તરફથી આ રિફન્ડ કલમ 54 હેઠળ આવે છે અને સમયમર્યાદા પુરી થઇ ગઇ છે.

એટલે રિફન્ડ iime barred છે એમ જણાવી રિફન્ડની અરજી નકારી કાઢવામાં આવી જે સામેની રીટ-પીટીશનમાં ના. ઝારખંડ હાઈકોર્ટે કલમ 54નું ઉદાર અર્થઘટન કર્યું અને કરદાતાના રીફન્ડના દાવાને તા. 30-1-25ના ઓર્ડરથી મંજૂરી આપી. ના.હાઈકોર્ટે ઠરાવ્યું કે કરદાતા અપીલ જીતી જાય ત્યારે કાયદા હેઠળ આપવામાં આવેલી ડિપોઝીટનું રિફન્ડ મેળવવાનો, કરદાતાનો સ્થાપિત હક છે અને કલમ 54ની પ્રોસીજીરલ જોગવાઈને કારણે રિફન્ડ નકારવામાં આવી શકે નહીં. પરંતુ આ ચૂકાદા સામે રાજ્ય સરકારે ના.સુપ્રિમકોર્ટમાં લીવ-પીટીશન દાખલ કરી.

**ચૂકાદો...**

ના.સુપ્રિમકોર્ટે સ્પષ્ટ કર્યું કે કલમ 107(6) હેઠળ આપવામાં આવેલ કાયદા હેઠળની ડિપોઝીટ GST કાયદાની કલમ 54 દ્વારા નિયંત્રીત નથી. ના. સુપ્રિમકોર્ટે નોંધ્યું કે ના.ઝારખંડ હાઈકોર્ટે કલમ 54ની બિનજરૂરી કવાયત હાથ ધરી હતી. પરંતુ આવી કવાયત જરૂરી ન હતી કારણ કે કલમ 54 પોતે લાગુ પડતી ન હતી. અને તેટલે અંશે ફકત તે અર્થઘટન દૂર થવા પાત્ર છે અને આમ અર્થઘટનની સ્પષ્ટતા કરી ના.સુપ્રિમકોર્ટે રાજ્યસરકારની અપીલ ફગાવી દીધી તો ના.સુપ્રિમકોર્ટે વધુમાં સ્પષ્ટતા કરી કે આ ચૂકાદાને કારણે કરદાતાને ભિષ્યમાં કોઇ વિરોધી અસર થાય તો કરદાતાને matter reopening માટે અરજી કરવાની છૂટ રહેશે એમ જણાવી ના. સુપ્રિમકોર્ટે કરદાતાને ડિપોઝીટની રકમ વ્યાજ સાથે ચાર અઠવાડિયામાં પરત કરવાનો ખાતાને આદેશ ફરમાવ્યો.

# એક્સિસ બેંકના નફામાં નજીવો ઘટાડો

**શેરદીઠ** 1 ડિવિડન્ડની જાહેરાત

મુંબઈ, તા. 25. વર્ષ 2026ના માર્ચ ક્વાર્ટરમાં ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંકનો ચોખ્ખો નફો 7071.31 કરોડ રૂપિયા રહ્યો હતો. જે એક વર્ષ પહેલા 7117.50 કરોડ રૂપિયાના નફાની તુલનામાં લગભગ 0.65 ટકા ઓછો છે. બેંકની કુલ આવક લગભગ 2 ટકા વધીને 38746.64 કરોડ રૂપિયા થઈ છે. માર્ચ 2025 ક્વાર્ટરમાં તે 38022.03 કરોડ રૂપિયા હતી.

એક્સિસ બેંકે સ્ટોક એક્સચેન્જને જણાવ્યું હતું કે માર્ચ 2026 ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે તેની કુલ વ્યાજ આવક 32724.09 કરોડ રૂપિયા હતી. એક વર્ષ પહેલા તે 31242.51 કરોડ રૂપિયા હતી. ચોખ્ખી વ્યાજની આવક માર્ચ 2025 ક્વાર્ટરમાં 13811 કરોડ રૂપિયાથી 4.7 ટકા વધીને 14457 કરોડ રૂપિયા થઈ છે. નાણાકીય વર્ષ 2026માં, બેંકની કુલ સ્ટેન્ડઅલોન આવક 153163.08 કરોડ રૂપિયા અને ચોખ્ખો નફો 24456.66 કરોડ રૂપિયા હતો. એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, માર્ચ 2026 ક્વાર્ટરમાં એક્સિસ બેંકનો ગ્રોસ એનપીએ રેશિયો 1.23 ટકા હતો. એક વર્ષ પહેલા તે 1.28 ટકા હતો. ચોખ્ખો એનપીએ રેશિયો વાર્ષિક ધોરણે નજીવો વધીને 0.37 ટકા થયો છે. માર્ચ 2025 ક્વાર્ટરમાં તે 0.33 ટકા હતો. એક્સિસ બેંકના બોર્ડે નાણાકીય વર્ષ 2026 માટે શેર દીઠ 1 રૂપિયાના અંતિમ ડિવિડન્ડને પણ મંજૂરી આપી છે. આ ડિવિડન્ડ પર બેંકની વાર્ષિક સામાન્ય સભામાં શેરહોલ્ડરોની મંજૂરી લેવામાં આવશે. રેકોર્ડ તારીખ હજી નક્કી કરવામાં આવી નથી. બેંકે નાણાકીય વર્ષ 2025 માટે શેર દીઠ 1 રૂપિયાનું અંતિમ ડિવિડન્ડ પણ આપ્યું હતું.